# શીળસ

- ૧ ગ્રામ મરીનું ચૂર્ણ ઘીમાં મેળવીને બે વાર ખાવાથી તથા શીળસ પર લેપ કરવાથી શીળસ મટે છે.
- ૧ ડોલ નવશેકા પાણીમાં ૧ થી ૨ ચમચી ખાવાના સોડા (સોડા-બાય-કાર્બ) નાખી તે પાણીથી સ્નાન કરવાથી શીળસ મટે છે.
- પાવલી ભાર અજમો લઇ વાટી તેટલા જ ગોળ સાથે સવારે નરણે કોઠે ગળી જવો. જરૂર પડે તો રાત્રે સૂતી વખતે પણ આમ કરવું. આ પ્રયોગથી શીળસ મટે છે.
- કળથીની રાબ બનાવીને તેમાં ગોળ નાખી પીવાથી અને રાત્રે જુલાબ લેવાથી શીળસ મટે છે.
- રોજ સવારે નરણે કોઠે અજમો અને ગોળ ખાવાથી અને રાત્રે જુલાબ લેવાથી શીળસ મટે છે.
- ૮ થી ૧૦ કોકમ ૧૦૦ ગ્રામ પાણીમાં ૨-૩ કલાક પલાળી , તેમાં સાકર તથા થોડું જીરું નાખી દિવસમાં ૨-૩ વાર પીવાથી કોઈ દવાથી ન મટતું શીળસ મટે છે.
- સરસિયું તેલ ચોળી ગરમ પાણીથી નહાવાથી શીળસમાં રાહત થાય છે.
- કોળાના રસમાં સાકર નાખીને પીવાથી શીળસ મટે છે.
- શરીરે આડાયાની રાખ ચોપડીને ગરમ કપડું ઓઢી સુવું.
- લીમડાના પાન , હળદર, સરસીયા તેલમાં ઉકાળીને શીળસ પર ચોપડવાથી શીળસ મટે છે.
- અજમો અને ગોળ ખાવાથી શીળસ મટે છે.
- ગોળ સાથે થોડો ચૂકો કળીચૂનો ખાવાથી શીળસ મટે છે.
- મરી, નવસાર, સોનાગેરુનું ચૂર્ણ લેવાથી શીળસ મટે છે.
- ગાયનું છાણ અથવા તેના રસમાં સરસવનું તેલ નાખી શીળસ પર ચોપડવાથી શીળસ મટે છે.
- અરણીના મૂળનું ચૂર્ણ ઘીમાં ખાવાથી શીળસ મટે છે.
- ગોળના પાણીમાં સાજીખાર નાખી શરીરે ચોપડવાથી શીળસ મટે છે.
- આદુના રસમાં જૂનો ગોળ નાખી ચાટવાથી શીળસ મટે છે.